જનરલ બોર્ડ ઠરાવ નંબર.:૧૦૨૮/તા.:૧૮–૦૩–૨૦૧૬

..........................................................................................

કામ નંબર.:(૧)

વિષય.: તા.:૦૯–૦૩–૨૦૧૬ના રોજ મળેલ કારોબારી સમીતીમા ઠરાવ્યા મુજબ વલસાડ નગરપાલિકા નું સને ૨૦૧૫ –૨૦૧૬ના વર્ષનુરીવાઈઝડ બજેટ મહેસુલી આવક/ડીપોઝીટ અને એડવાન્સીસ નું રૂા.:૬૩૧૧૩૯૦૦૦/– તથા મહેસુલી ખર્ચ / ડીપોઝીટ અને એડવાન્સીસનું રૂા.:.૬૮૫૧૮૮૨૦૮/– રીવાઈઝડ બજેટ મંજુર કરવા બાબત..

દરખાસ્ત મુકનાર.: ધર્મીનભાઈ શાહ
ટેકો આપનાર.: કૌશીકભાઈ માકડીયા

સભ્યશ્રી ગીરીશભાઈ દેસાઈએ બજેટ અંગેની ચર્ચામા ભાગ લીધો.
સભ્યશ્રી સોનલબેન પટેલ આવ્યા.
સભ્યશ્રી બાલકૃષ્ણ જીવરાજભાઈ પટેલ આવ્યા.
સભ્યશ્રી ઉમેશભાઈ પટેલ ,સભ્યશ્રી શશીભાઈ શેઠીયા, સભ્યશ્રી પ્રવિણભાઈ કચ્છી,
સભ્યશ્રી ઝાકીરભાઈ પઠાણ, બજેટ અંગેની ચર્ચામા ભાગ લીધો.

ઠરાવ.:

કા.સ.ઠ.નં.૫૮૭/તા.:૦૯–૦૩– ૨૦૧૬ની ભલામણ મુજબ ચર્ચા– વિચારણાના અંતે ચેરમેનશ્રીએ દર્શાવેલ સુધારા – વધારા સાથેનુ વલસાડ નગરપાલિકાનું સને ૨૦૧૫ –૨૦૧૬ના વર્ષનુરીવાઈઝડ બજેટ મહેસુલી આવક/ડીપોઝીટ અને એડવાન્સીસ નું રૂા.:૬૩૧૧૩૯૦૦૦/– તથા મહેસુલી ખર્ચ / ડીપોઝીટ અને એડવાન્સીસનું રૂા.:.૬૮૫૧૮૮૨૦૮/– રીવાઈઝડ બજેટ મંજુર કરવાનું ઠરાવવામા આવે છે.

–સ.મ.મંજુર...

જનરલ બોર્ડ ઠરાવ નંબર.:૧૦૨૯/તા.:૧૮–૦૩–૨૦૧૬

..........................................................................................................

કામ નંબર.:(૨)

વિષય.:કા.સ.ઠ.નં.૫૮૮/તા.:૦૯–૦૩–૨૦૧૬નારોજમળેલવલસાડનગરપાલિકાનુ સને૨૦૧૬–૨૦૧૭ના વર્ષનુ બજેટ મહેસુલી આવક/ડીપોઝીટઅનેએડવાન્સીસનું રૂા.:૧૧૫૮૪૨૯૦૦૦/–તથા મહેસુલી ખર્ચ / ડીપોઝીટ અને એડવાન્સીસ ખર્ચ રૂા.: ૯૮૪૬૫૦૦૦૦ /–નું બજેટ મંજુર કરવા બાબત..

દરખાસ્ત મુકનાર.: ધર્મીનભાઈ શાહ
ટેકો આપનાર.:કૈશીકભાઈ માકડીયા

ઠરાવ.:

કા.સ.ઠ.નં.૫૮૮/તા.:૦૯–૦૩–૨૦૧૬ની ભલામણ મુજબ ચર્ચા–વિચારણાના અંતે ચેરમેનશ્રીએ દર્શાવેલ સુધારા – વધારા સાથેનુ વલસાડ નગરપાલિકાનું સને ૨૦૧૬– ૨૦૧૭ના વર્ષનુ બજેટ મહેસુલી આવક/ડીપોઝીટઅનેએડવાન્સીસનું રૂા.:૧૧૫૮૪૨૯૦૦૦/–તથા મહેસુલી ખર્ચ / ડીપોઝીટ અને એડવાન્સીસ ખર્ચ રૂા.: ૯૮૪૬૫૦૦૦૦ /–નું બજેટ મંજુર કરવા તેમજ નીચે જણાવેલ સુધારાવાળુ કામ પણ મંજુર કરવાનું ઠરાવવામા આવે છે.

(૧) નગરપાલિકાની જુની શાકભાજી મારકેટ માટે તથા શહેરમા વધુ સગવડતા ભર્યુ / સુવિધા ભર્યુ પાલિકા બજારનો પ્રોજેકટને સ્વર્ણિમ જયંતિ માન.મુખ્યમંત્રીશ્રીની યોજનામા સમાવેશ કરવો.

(૨) માલવિયા તળાવનું સંપુર્ણ નવીનીકરણ તથા શહેરના વિવિધ તળાવોનું નવીનીકરણ કરવા અંગેનુ કામને સ્વર્ણિમ જયંતિ માન.મુખ્યમંત્રીશ્રીની યોજનામા સમાવેશ કરવો.

(૩) મોગરાવાડી અર્બન હેલ્થ માટે મોગરવાડી જુની ઝોન ઓફીસ પર કાર્યરત કરવા તથા એક હોલ બનાવવો.

(૪) સ્મશાન ભુમિમા આવતી બીનવારશી લાશના ખર્ચ માટે રૂા.:૨,૫૧,૦૦૦/– તથા કબ્રસ્તાન નિભાવ માટે ત્રણ ટ્રસ્ટોને રૂા.:૫૧,૦૦૦/–લેખેનું દાન આપવાનું નકકી કરવામા આવેલ છે.

–સ.મ.મંજુર..

જનરલ બોર્ડ ઠરાવ નંબર.:૧૦૩૦ /તા.:૧૮–૦૩–૨૦૧૬

.................................................................................................

કામ નંબર.:(૩)

વિષય.: કા.સ.ઠ.નં.૫૮૩/તા.:૦૫–૦૩–૨૦૧૬થી ઠરાવ્યા મુજબ ૧૦૫ –જગ્યા ભરવાની મે.નગરપાલિકા નિયામકશ્રી તરફથી મળેલ મંજુરી સંબંધે તથા વલસાડ નગરપાલિકાના સભ્યશ્રીઓ તરફથી તા.:૮–૩– ૨૦૧૬ના રોજે નગરપાલિકા અધિનિયમની કલમ–૫૧(૨) હેઠળ આવેલ દરખાસ્ત બાબત..

દરખાસ્ત મુકનાર.: ધર્મીનભાઈ શાહ
ટેકો આપનાર.:કૌશીકભાઈ માકડીયા

પ્રમુખશ્રીએ જણાવ્યુ કે,વર્ષોથી મહેકમ અંગેના પ્રશ્નના નિરાકરણ માટે માનનીય મુખ્ય મંત્રીશ્રી તેમજ મે.નિયામકશ્રી,નગરપાલિકા,તરફ યોગ્ય રજુઆતો કરી મંજુરી અંગેની કાર્યવાહીમા સફળ રહયા છે.

સભ્યશ્રી ઝાકીરભાઈ પઠાણે જણાવ્યુ કે,વર્ષો પછી માનનીય મુખ્ય મંત્રીશ્રી ઉપર માનનીય પ્રમુખશ્રી સોનલબેન તેમજ ધારા સભ્યશ્રી –પારડી અને જીલ્લા ભાજપ પ્રમુખશ્રી કનુભાઈ દેસાઈ ધ્વારા વહીવટી પ્રક્રિયા સક્રિય કરી કર્મચારીઓને કાયમી કરવામા મોટો સિંહ ફાળો આપેલ છે.

પ્રમુખશ્રીએ જણાવ્યુ કે,ઘણા ખરા કેસોના ચુકાદાઓ ધ્યાને લઈ કર્મચારીઓને સીન્યોરીટી મુજબ પ્રાધાન્ય આપવામા આવશે.વલસાડ નગરપાલિકાના મંજુર થયેલા ૩૯૦ ના સેટઅપની ખાલી પડેલ જગ્યાઓ પૈકી ૧૦૫ જગ્યાઓ મંજુર થયેલ છે.તે સિવાય બાકી રહેલ દરખાસ્ત અંગે કાર્યવાહી કરવાનુ નકકી કરવામા આવ્યુ.

ચીફ ઓફીસરશ્રીએ જણાવ્યુ કે,પ્રમુખશ્રીએ જણાવ્યુ તે મુજબના મુદ્દાઓ ધ્યાનમા લેવામાઆવશે તેમજ નગરપાલિકાનુ મંજુર થયેલ મહેકમ અગાઉના જુના વર્ષો પહેલાનુ હોઈ નવો વિસ્તાર તેમજ સાધનો પણ વધેલા હોય જેમા આરોગ્ય સેવા, ડ્રેનેજ, ફાયર, વોટર વર્કસ, જેવી આવશ્યક સેવાઓને પણ પહોચી વળવાનુ હોય જેથી પુનઃ નવુ સેટઅપ તૈયાર કરી રજુ કરવુ પડે એમ છે.અલગ અલગ યુનીયન કર્મચારીઓ ધ્વારા અબ્રામા – મોગરાવાડી નવા વિસ્તારો માટે જે બૈઝીક સેવાઓ પુરી પાડવામા આવે છે જે માટે નવુ સેટઅપ મળી શકે કે કેમ ? તે અંગે પણ અમો સરકારશ્રીમા રજુઆત કરનાર છે.જેથી વર્ષો જુના આ પ્રકરણના નિરાકરણ માટે આ કાર્યવાહી કરવી જરૂરી છે.

સભ્યશ્રી ગીરીશભાઈ દેસાઈએ જણાવ્યુ કે,વલસાડ નગરપાલિકાના ૯ વોર્ડની સંખ્યા છે જેનો ૪ાા કીલોમીટરનો એરીયો છે જયારે નવા વિસ્તાર અબ્રામા – મોગરાવાડી વિસ્તારમા ૫ વોર્ડ છે જેનો એરીયો ૧૪ કીલોમીટર જેટલો છે.જેથી આ સેવાઓને પહોચી વળવા સીન્યોરીટી મુજબ આવતા પાંચ વર્ષની નોકરી ગણતરીમા લઈ સરકારશ્રીમા યોગ્ય રજુઆત કરવા અમારી ભલામણ છે.

ઠરાવ.:

કા.સ.ઠ.નં.૫૮૩/તા.:૦૫–૦૩–૨૦૧૬ની ભલામણ મુજબ ૧૦૫ –જગ્યા ભરવાની વલસાડ નગરપાલિકાની લાગણીને સરકારશ્રી તરફથી હકારાત્મક અને ઝડપી નિર્ણય કરવા નામદાર સરકારશ્રી તથા મે.નગરપાલિકા નિયામકશ્રીનો આભાર માનીએ છીએ.તેમજ બાકી રહેલ જગ્યા સંબંધે નિયમોનુસારની કાર્યવાહી કરી દરખાસ્તની પ્રક્રિયા પુર્ણ કરવાનું નકકી કરવામા આવ્યું.

જે તે સમયે ઓકટ્રોઈ નાબુદ થવાના કારણે ઓકટ્રોઈની રદ થયેલ જગ્યાઓ તેમજ ૨૦% કાપ મુજબની જગ્યાઓ કમી કરતી વખતે ઓકટ્રોઈના જે તે સમયે ચાલુ કર્મચારીઓની જગ્યા કમી કરવામા આવેલ ન હતી.જેના કારણે ઓકટ્રોઈના કાયમી કર્મચારીઓ નિવૃત્ત થવાના કારણે ખાલી પડતી જગ્યાઓ સેટઅપમાંથી કમી કરવાની થાય છે.અને આવી જગ્યાઓ પર કોઈ સીધી ભરતી કરવાની રહેતી નથી.આ ઉપરાંત ઓકટ્રોઈ સિવયાના સેટઅપમા ઓકટ્રોઈના કાયમી કર્મચારીઓને લાયકાતના ધોરણે સમાવેશ કરવાનો થાય છે.ત્યાર બાદજ સીધી ભરતી કરી શકાય એમ છે.આમ નગરપાલિકા ધ્વારા જે તે સમયે સને ૨૦૧૩મા મે.નિયામકશ્રી,નગરપાલિકાઓ,ગાંધીનગરને જે દરખાસ્ત સાદર કરવામા આવેલ હતી તેમા ઓકટ્રોઈની

જગ્યાઓ કમી કરવામા આવેલ ન હતી.જેના કારણે મે.નિયામકશ્રી, નગરપાલિકા ધ્વારા કલાર્ક અને કેશીયર અને રેકર્ડ કલાર્ક જેવી વર્ગ–૩ની જગ્યા પર સીધીભરતીથી કરવા પુર્વ મંજુરી આપવામા આવેલ છે.પરંતુ ઓકટ્રોઈ સિવાયની અન્ય જગ્યાઓ ખાલી પડે ત્યારે સૌ પ્રથમ ઓકટ્રોઈના કર્મચારીઓને સમાવેશ કરવાનો થાય છે.જેથી જે મુજબ કાર્યવાહી કરવાનું ઠરાવવામા આવે છે.આ ઉપરાંત મહેકમની મુળ જગ્યાઓમાથી ઓકટ્રોઈને સબંધીત તમામ જગ્યાઓ કમી કરી અન્ય સંવર્ગની જે ખાલી જગ્યા રહે તેના પર ઓકટ્રોઈ ના લાયકાત ધરાવતા કાયમી કર્મચારીઓનો સમાવેશ કરી ત્યાર બાદ ખાલી રહેતી જગ્યાઓ સીધીભરતીથી ભરતી કરવા પુર્વ મંજુરી મેળવવા જરૂરી દરખાસ્ત સક્ષમ કક્ષાએ કરવા સર્વાનુમતે ઠરાવવામા આવે છે.

| અ.નં. | મંજુર થયેલ જગ્યગાનું નામ | જગ્યાની સંખ્યા | સંવર્ગ | ભરતીનો પ્રકાર. |
|---|---|---|---|---|
| ૧ | ઈન્ટરનલ ઓડીટર | ૧ | ૩ | બઢતી |
| ૨ | હેડકલાર્ક | ૧ | ૩ | બઢતી |
| ૩ | ચીફસેનેટરી ઈન્સ્પેકટર | ૧ | ૩ | બઢતી |
| ૪ | સીનીયરકલાર્ક (કારોબારી) | ૧ | ૩ | બઢતી |
| ૫ | સીધાવેરા સુપ્રિન્ટેન્ડન્ટ | ૧ | ૩ | બઢતી |
| ૬ | કેમીસ્ટ | ૧ | ૩ | સીધીભરતી |
| ૭ | સીસ્ટર | ૧ | ૩ | સીધીભરતી |
| ૮ | સીનીયરકલાર્ક | ૧ | ૩ | બઢતી |
| ૯ | સબઓવરશીયર | ૧ | ૩ | સીધીભરતી |
| ૧૦ | સીનીયર મોટરડ્રાયવર | ૧ | ૩ | સીધીભરતી |
| ૧૧ | લાઈટ ઈન્સ્પેકટર | ૨ | ૩ | સીધીભરતી |
| ૧૨ | હોસ્પીટલ કંપાઉન્ડર | ૧ | ૩ | સીધીભરતી |
| ૧૩ | સેનેટરીસબ ઈન્સ્પેકટર | ૧ | ૩ | સીધીભરતી |
| ૧૪ | જુનીયર ડ્રાયવર | ૧૧ | ૩ | આઉટસોર્સીગ |
| ૧૫ | સુથાર | ૧ | ૩ | સીધીભરતી |
| ૧૬ | મીસ્ત્રી સિવિલ | ૧ | ૩ | સીધીભરતી |
| ૧૭ | ઈલેકટ્રીક ઓપરેટર | ૮ | ૩ | સીધીભરતી |
| ૧૮ | હોસ્પીટલનર્શ | ૨ | ૩ | સીધીભરતી |
| ૧૯ | ડ્રેસર | ૧ | ૪ | સીધીભરતી |
| ૨૦ | ફીલ્ટર એટેન્ડન્ટ | ૧ | ૪ | સીધીભરતી |
| ૨૧ | નાયક | ૧ | ૪ | સીધીભરતી |
| ૨૨ | બાગમાળી | ૨ | ૪ | સીધીભરતી |
| ૨૩ | મુકાદમ | ૧ | ૪ | સીધીભરતી |
| ૨૪ | ચોકીદાર | ૫ | ૪ | સીધીભરતી |
| ૨૫ | ખલાસી | ૬ | ૪ | સીધીભરતી |
| ૨૬ | ઝાડુવાળા સફાઈકામદાર | ૫ | ૪ | સીધીભરતી |
| ૨૭ | હરીજન સફાઈકામદાર | ૧ | ૪ | સીધીભરતી |
| ૨૮ | વાલ્વમેન | ૨ | ૪ | સીધીભરતી |
| ૨૯ | આયા | ૩ | ૪ | સીધીભરતી |
| ૩૦ | વોર્ડબોય | ૨ | ૪ | સીધીભરતી |
| ૩૧ | સ્વીપર | ૨ | ૪ | સીધીભરતી |
| | કુલ.... | ૬૯ | | |

–સ.મ.મંજુર..

જનરલ બોર્ડ ઠરાવ નંબર.:.૧૦૩૧ /તા.:૧૮–૦૩–૨૦૧૬

...................................................................................

કામ નંબર.:(૪)

વિષય.: સભ્યશ્રી મહેબુબ ( ઝાકીર) ગુલશેરખાન પઠાણની ગુજરાત નગરપાલિકા અધિનિયમ –૧૯૬૩ની કલમ–૫૧(૩) મુજબની આવેલ દરખાસ્ત અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

દરખાસ્ત મુકનાર.: મહેબુબ ગુલશેરખાન પઠાણ
ટેકો આપનાર.: ગીરીશભાઈ દેસાઈ વિગેરે

પ્રમુખશ્રીએ જણાવ્યુ કે,સભ્યશ્રી મહેબુબ ( ઝાકીર) ગુલશેરખાન પઠાણ તેમજ શ્રી ગીરીશભાઈ દેસાઈની નામકરણ અંગે થયેલ દરખાસ્તથી આનંદ થાય છે.સ્થાનીક સ્વરાજયની સંસ્થામા સેવાકીય પ્રવૃત્તિ કરનારા સક્રિય કાર્યકરો જે કર્મનિષ્ટ અને વફાદારી પુર્વક કામ કરતા લોકોને આજે યાદ કરીતેઓની સ્મૃતિમા નગરપાલિકામા નવા સમાવિષ્ટ વિસ્તારોના મુખ્ય માર્ગોના નામકરણ થવાના કારણે સ્થાનીક લોકોને ઓળખ માટે મદદરૂપ થશે.

ઠરાવ.:

સભ્યશ્રી મહેબુબ ( ઝાકીર ) ગુલશેરખાન પઠાણ ધ્વારા રજુ કરવામા આવેલ દરખાસ્તમા નીચે મુજબના રસ્તાઓના નામકરણ કરવાનું મંજુર કરવાનુ ઠરાવવામા આવે છે.

(૧) મોગરાવાડી રેલ્વે ગરનાળાથી કોટેશ્વર સુધીનો મુખ્ય રસ્તાનુ નામ– " સ્વ.અંબેલાલ મણીલાલ પટેલ " નામકરણ કરવું.

(૨) રેલ્વે સ્ટેશન પુર્વથી મોગરાવાડી જુની પંચાયત ઓફીસ સુધીના મુખ્ય રસ્તાનું નામ – " શ્રી દલપતભાઈ પરાગભાઈ પટેલ " નામકરણ કરવું.

–સ.મ.મંજુર..

જનરલ બોર્ડ ઠરાવ નંબર.:.૧૦૩૨ /તા.:૧૮–૦૩–૨૦૧૬

.................................................................................................

વ.કા.નં.(૧)

વિષય.: નગરપાલિકાઓમા કર્મચારીઓની ભરતી માટે નગરપાલિકા કક્ષાએ સમીતીની રચના કરવા બાબત..

–પ્રમુખ સ્થાનેથી રજુ.

ઠરાવ.:

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના ઠરાવ ક્રમાંક.: ઈએસટી / ૧૨૧૨ / સિ.ફા./આર./ તા.:૪–૯–૨૦૧૨ તથા નગરપાલિકા નિયામકશ્રી,ગાંધીનગરના પત્ર નં.:નપાની / મહેકમ / ભરતી પસંદગી/ ભરતી / વશી / ૨૦૧૨, તા.:૪–૯–૨૦૧૨થી જણાવ્યા મુજબ નગરપાલિકાઓમા કર્મચારીઓની ભરતી પ્રક્રિયા સમયે એકસુત્રતા જળવાય અને પારદર્શક રીતે ભરતી પ્રક્રિયા થાય તે હેતુથી નગરપાલિકા કક્ષાએ પસંદગી સમીતીની રચના કરી ભરતી અંગેની કાર્યવાહી કરવાનુ ઠરાવેલ છે.

ઉપરોકત પત્ર અન્વયે નગરપાલિકા કક્ષાએ પસંદગી સમીતીની રચના કરવામા આવેલ છે. જેના સભ્યો નીચે મુજબ છે.

૧.: નગરપાલિકા ધ્વારા નિયુકત પસંદગી સમીતીના અધ્યક્ષ .....................અધ્યક્ષ
(સામાન્ય સભામા મંજુરીને આધીન )

૨.:નગરપાલિકાના પ્રમુખશ્રી અથવા તેઓશ્રી ધ્વારા નિયુકત સદસ્યશ્રી.............સભ્ય

૩.:નગરપાલિકાની સ્થાયી સમીતીના અધ્યક્ષશ્રી.................................સભ્ય

૪.:કલેકટરશ્રી ધ્વારા નિયુકત કરેલ નાયબ કલેકટર/પ્રાંત અધિકારીશ્રી.............સભ્ય

૫.:નગરપાલિકાના મુખ્ય અધિકારીશ્રી.........................................સભ્યસચીવ

નગરપાલિકા ધ્વારા તાંત્રીક અધિકારી / કર્મચારીની ભરતી કરવાની હોય તો સમીતીની બેઠકમા કલેકટરશ્રી ધ્વારા સબંધીત ક્ષેત્રના તાંત્રીક અધિકારીને આંમત્રીત સભ્ય તરીકે સમાવવાના રહેશે.

–મંજુર.

જનરલ બોર્ડ ઠરાવ નંબર.:૧૦૩૩ /તા.:૧૮–૦૩–૨૦૧૬

.....................................................................................

વ.કા.નં.(૨)

વિષય.: નગરપાલિકા ભરતી પસંદગી સમીતી ધ્વારા ઉમેદવારોની પસંદગીમા માપદંડ નકકી કરવા બાબત...

–પ્રમુખ સ્થાનેથી રજુ.

ઠરાવ.:

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના ઠરાવ ક્રમાંક.: ઈએસટી / ૧૨૧૨ / સિ.ફા./આર./ તા.:૪–૯–૨૦૧૨ તથા નગરપાલિકા નિયામકશ્રી,ગાંધીનગરના પત્ર નં.:નપાની / મહેકમ / ભરતી પસંદગી / ભરતી / વશી / ૨૦૧૨, તા.:૪–૯–૨૦૧૨થી જણાવ્યા મુજબ નગરપાલિકાઓમા કર્મચારીઓની ભરતી પ્રક્રિયા સમયે એકસુત્રતા જળવાય અને પારદર્શક રીતે ભરતી પ્રક્રિયા થાય તે હેતુથી નગરપાલિકા કક્ષાએ પસંદગી સમીતીની રચના કરી ભરતી અંગેની કાર્યવાહી કરવાનુ ઠરાવેલ છે.તે અન્વયે રચાયેલ સમીતી ધ્વારા ઉમેદવારોની કરવાની થતી પસંદગી પ્રક્રિયામા નીચે મુજબના માપદંડો નકકી કરવાનુ ઠરાવવામા આવે છે.

| ઉમેદવારોના અ.નં.અને નામ. | લાયકાત ગુણ | અનુભવ ગુણ | ઈન્ટરવ્યુ પ્રર્ફોમન્સ ગુણ | મેળવેલ કુલ ગુણ |
|---|---|---|---|---|
| | ૧૦ | ૧૦ | ૦૫ | ૨૫ |

ઉપરોકત માપદંડ મુજબ વધુગુણ મેળવનારને પ્રથમ પસંદગી ક્રમ આપવાના નકકી કરવામા આવે છે.

વધુમા નગરપાલિકામા રોજમદાર / હંગામી / કરાર આધારીત ફરજ બજાવતા અને લાયકાત ધરાવતા કર્મચારીઓ પણ અરજી શકે અને આ કર્મચારીઓને નિમણુંકમા અગ્રતા આપવા તેમજ તેઓને વયમર્યાદા તેમજ શૈક્ષણીક લાયકાતમા છુટછાટ આપવા અંગે પસંદગી સમીતી વિચારણા કરી શકશે.

–મંજુર..

**જનરલ બોર્ડ ઠરાવ નંબર.:૧૦૩૪/તા.:૧૮–૦૩–૨૦૧૬**

.........................................................................................

**વ.કા.નં.(૩)**

**વિષય.:** યુનીયન હોદ્દેદારો ધ્વારા અભ્રામા – મોગરાવાડી નવી નગરપાલિકા બરોનો સમાવેશ થતા મહેકમની નવી જગ્યાઓ અંગે થયેલ રજુઆત અંગે દરખાસ્ત કરવા બાબત..

પ્રમુખ સ્થાનેથી રજુ.

ઠરાવ.:

યુનીયન હોદ્દેદારો ધ્વારા અભ્રામા – મોગરાવાડી નવી નગરપાલિકા બરોનો સમાવેશ થતા સદર નગરપાલિકા ઓ માટે ગુજરાત સરકાર શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ ઠરાવ ક્રમાંક.: નપમ/૧૦૮૯/૧૧૨ /આર. સચીવાલય, ગાંધીનગર,તા.:૨૨–૦૧–૨૦૦૪ અન્વયે નગરપાલિકા બરોને મળવા પાત્ર એવી જગ્યાઓ ભરવા માટે રજુઆતો આવેલ છે.સદર રજુઆતો નવી નગરપાલિકા બરો લઘુત્તમ માળખા મુજબ મળવી જોઈએ .સદર નગરપાલિકાઓ સને ૨૦૦૬મા વલસાડ નગરપાલિકામા સમાવેશ થયેલ હોય,હાલે વિસ્તારોમા બેઝીક સેવાઓ જેવી કે,પાણી,સફાઈ,લાઈટ,ડ્રેનેજ, વિગેરે પુરી પાડવામા આવે છે.સદર સુવિધાઓને પહોચી વળવા માટે ડ–વર્ગની નગરપાલિકાઓને મળવા પાત્ર એવી જગ્યાઓની માંગણી કરવાની રજુઆત કરવામા આવેલ છે.

| અ.નં. | શાખા | શાખામા આવરી લેવાયેલ જગ્યાની વિગત. | | જગ્યાની સંખ્યા. |
|---|---|---|---|---|
| ૧ | સામાન્ય વહીવટી શાખા | ઝોન ઓફીસર | | ૨ |
| | | કોમ્પ્યુટર ઓપરેટર | | ૨ |
| | | પટાવાળા | | ૨ |
| | | | કુલ મળવા પાત્ર જગ્યા | ૬ |
| ૨ | હિસાબી શાખા | કલાર્ક | | ૨ |
| | | | કુલ મળવાપાત્ર જગ્યા | ૨ |
| ૩ | વેરા શાખા | ટેક્ષ ઈન્સ્પેકટર | | ૨ |
| | | કલાર્ક કોમ્પ્યુટર ઓપરેટર | | ૬ |
| | | | કુલ મળવા પાત્ર જગ્યા | ૮ |
| ૪ | આરોગ્ય શાખા | સેનેટરી સબ ઈન્સ્પેકટર | | ૨ |
| | | મુકાદમ (૨૦–સ્વીપરદીઠ) | | ૨ |
| | | સ્વીપર | | ૪૦ |
| | | કલાર્ક | | ૨ |
| | | ડ્રાયવર | | ૧૨ |
| | | કલીનર | | ૧૨ |
| | | પટાવાળા | | ૨ |
| | જરૂરીયાત મુજબ નગરપાલિકા નિયામકની મંજુરી મળ્યેથી | મેલેરીયા વર્કર | | ૦ |
| | | | કુલ મળવા પાત્ર જગ્યા | ૭૨ |
| ૫ | બાંધકામ શાખા | ટેકનીકલ આસીસ્ટન્ટ | | ૧ |
| | | રોડ ઈન્સ્પેકટર | | ૩ |
| | | સ્ટોર કીપર કમ કલાર્ક | | ૨ |
| | | વાયરમેન કમ ઈલેકટ્રીશીયન | | ૪ |
| | | માળી | | ૨ |
| | | પટાવાળા | | ૨ |
| | | | કુલ મળવા પાત્ર જગ્યા | ૧૪ |
| ૬ | પાણીપુરવઠા અને ગટર વ્યવસ્થા શાખા | મ્યુનિસિપલ એન્જીનીયર(ડીગ્રી) ( હાઈડ્રોલીક એન્જીનીયર ) | | ૧ |
| | | ઈલેકટ્રીક મોટર ઓપરેટર | | ૪ |
| | | ડ્રાયવર | | ૪ |
| | | પંપમેન ( વાલ્વમેન ) | | ૧૨ |
| | | પટાવાળા | | ૧ |
| | | ડ્રેનેજ સફાઈ કામદાર | | ૪૦ |
| | | મુકાદમ | | ૨ |
| | | કલાર્ક | | ૨ |
| | | | કુલ મળવા પાત્ર જગ્યા | ૬૬ |

| | | | | |
|---|---|---|---|---|
| | | | | |
| ૭ | અગ્નિશમન સેવા શાખા | ફાયર ઓફીસર | | ૧ |
| | | ફાયરમેન | | ૧૨ |
| | | ડ્રાયવર | | ૬ |
| | | | કુલ મળવા પાત્ર જગ્યા | ૧૯ |
| | | | કુલ સંખ્યા | ૧૮૫ |

ઉપરોકત યુનીયન ધ્વારા કરવામા આવેલ રજુઆત અબ્રામા – મોગરાવાડી નગરપાલિકા બરો સંર્દભ અંગેની જગ્યાઓ માટે નવા સમાવિષ ટ વિસ્તારને આપવામા આવતી બૈઝીક સેવાઓ ઘ્યાનમા લઈ ડ–વર્ગની નગરપાલિકાના સેટઅપ મુજબ મહેકમની જગ્યા ભરવા માટેની નિયમોનુસારની દરખાસ્ત મે.કલેકટર સાહેબ,કલેકટર કચેરી,વલસાડની ભલામણ સહ મે.નગરપાલિકા નિયામકશ્રી,નગરપાલિકા નિયામકશ્રીની કચેરી,ગાંધીનગર તરફ સાદર રજુ કરવાનુ ઠરાવવામા આવે છે.

–મંજુર..

જનરલ બોર્ડ ઠરાવ નંબર.:. ૧૦૩૫ /તા.:૧૮–૦૩–૨૦૧૬

.......................................................................................................

વ.કા.નં.(૪)

વિષય.: નગરપાલિકાના કર્મચારી મુન્નો ઉર્ફે મહેશ ચૌહાણ સામે થયેલ ફરીયાદ બાબતે જરૂરી નિર્ણય થવા બાબત...

–પ્રમુખ સ્થાનેથી રજુ.

ઠરાવ.:

વલસાડ નગરપાલિકાના કર્મચારી મુન્નો ઉર્ફે મહેશ ચૌહાણની તાનાશાહી બદલ સામાન્ય નાગરીકોની આવેલ વારંવારની ફરીયાદો તથા ચુંટાયેલા સભ્યશ્રીઓની સામે અસભ્યતા ભર્યુ વર્તન કરવા અંગેની ફરીયાદો ધ્યાનમા લઈ અને વારંવાર વેપારીઓ,ફેરીયાઓ,લારી –ગલ્લાવાળાઓ સામે જો હુકમી બતાવી કનડગત મનમાની કરતા હોય, જેઓ હંગામી કર્મચારી હોય, જેમને તાત્કાલીક અસરથી ફરજ પરથી છુટા કરવાનું ઠરાવવામા આવે છે.

| અ. નં. | મંજુર થયેલ જગ્યાનું નામ. | મંજુર થયેલ જગ્યાની સંખ્યા | ૨૦% કાપમા રદ કરેલ જગ્યા | ૨૦% કાપ બાદ બાકી રહેતી ન.પા.ની જગ્યા | ભરાયેલ જગ્યા | ખાલી પડેલ જગ્યા | મે.ન. પા.નિ. સપત્રથી મંજુર કરેલ જગ્યાઓ | મે.ન. પા.નિ. સાહેબ ધ્વારા જગ્યાઓ મંજુર કર્યા બાદ હાલે ખાલી રહેતી જગ્યાઓ | મે.ન. પા.નિ. સાહેબની કચેરીએ મંજુરત મેળવવા માટેની જગ્યા ઓની દર ખાસ્ત. | દર ખાસ્ત ન કરવાની થતી જગ્યા ઓની વિગત | ભરતી નો પ્રકાર |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
| ૧ | ચીફમેડીકલ ઓફીસર | ૧ | ૦ | ૧ | ૦ | ૧ | – | ૧ | ૧ | – | સીધીભરતી |
| ૨ | ચીફઓફીસર (કોમનકેડર) | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | – | – | – | – | – |
| ૩ | મેડીકલઓફીસર | ૪ | ૧ | ૩ | ૨ | ૧ | – | ૧ | ૧ | – | સીધીભરતી |
| ૪ | લેડીમેડીકલ ઓફીસર | ૧ | ૦ | ૧ | ૦ | ૧ | – | ૧ | ૧ | – | સીધીભરતી |
| ૫ | ડેન્ટલસર્જન | ૧ | ૦ | ૧ | ૦ | ૧ | – | ૧ | ૧ | – | સીધીભરતી |
| ૬ | હોમીયોપેથી ર્ડાકટર | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | – | – | – | – | – |
| ૭ | ચીફઈજનેર | ૧ | ૦ | ૧ | ૦ | ૧ | – | ૧ | ૧ | – | બઢતી |
| ૮ | જુ.ઈજનેર | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | – | – | – | – | – |
| ૯ | ડ્રેનેજઈજનેર (લોનપર) | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | – | – | – | – | – |
| ૧૦ | ઈન્ટરનલ ઓડીટર | ૧ | ૦ | ૧ | ૦ | ૧ | – | ૧ | ૧ | – | બઢતી |

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૧ | એકાઉન્ટન્ટ ફીકસપગાર (કોમનકેડર) | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | – | ૧ | ૧ | – | – |
| ૧૨ | ઓફીસ સુપ્રિન્ટેન્ડન્ટ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | – | – | – | – | – |
| ૧૩ | હેડકલાર્ક | ૧ | ૦ | ૧ | ૦ | ૧ | – | ૧ | ૧ | – | બઢતી |
| ૧૪ | બિલ્ડીંગ ઈન્સ્પેકટર | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | – | – | – | – | – |
| ૧૫ | ચીફસેનેટરી ઈન્સ્પેકટર | ૧ | ૦ | ૧ | ૦ | ૧ | – | ૧ | ૧ | – | બઢતી |
| ૧૬ | વારીગૃહઈજનેર (ફીકસપગાર) | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | – | – | – | – | – |
| ૧૭ | હોસ્પીટલ એકાઉન્ટન્ટ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | – | – | – | – | – |
| ૧૮ | લેબોરેટરી ટેકનીશ્યન | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | – | – | – | – | – |
| ૧૯ | સીનીયરકલાર્ક (કારોબારી) | ૧ | ૦ | ૧ | ૦ | ૧ | – | ૧ | ૧ | – | બઢતી |
| ૨૦ | સીધાવેરા સુપ્રિન્ટેન્ડન્ટ | ૧ | ૦ | ૧ | ૦ | ૧ | – | ૧ | ૧ | – | બઢતી |
| ૨૧ | ઓકટ્રોઈ સુપ્રિન્ટેન્ડન્ટ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | – | – | – | – | – |
| ૨૨ | ફુડઈન્સ્પેકટર | ૧ | ૦ | ૧ | ૦ | ૧ | – | ૧ | – | ૧ | – |
| ૨૩ | શોપ્સઈન્સ્પેકટર | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | – | – | – | – | – |
| ૨૪ | કેમીસ્ટ | ૨ | ૦ | ૨ | ૧ | ૧ | – | ૧ | ૧ | – | સીધીભરતી |
| ૨૫ | ગ્રંથપાલ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | – | – | – | – | – |
| ૨૬ | ચીફઓકટ્રોઈ ઈન્સ્પેકટર | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | – | – | – | – | – |
| ૨૭ | સ્ટેટેસ્ટીકલ આસીસ્ટન્ટ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | – | – | – | – | – |
| ૨૮ | સીસ્ટર | ૨ | ૧ | ૧ | ૦ | ૧ | – | ૧ | ૧ | – | સીધીભરતી |
| ૨૯ | ઓકટ્રોઈ ઈન્સ્પેકટર | ૨ | ૨ | ૦ | ૦ | ૦ | – | – | – | – | – |
| ૩૦ | સીનીયરકલાર્ક | ૨ | ૧ | ૧ | ૦ | ૧ | – | ૧ | ૧ | – | બઢતી |
| ૩૧ | સબઓવરશીયર | ૧ | ૦ | ૧ | ૦ | ૧ | – | ૧ | ૧ | – | સીધીભરતી |
| ૩૨ | મોટરમીકેનીક | ૨ | ૦ | ૨ | ૧ | ૧ | – | ૧ | ૧ | ૧ | સીધીભરતી |
| ૩૩ | સીનીયર મોટરડ્રાયવર | ૧ | ૦ | ૧ | ૦ | ૧ | – | ૧ | ૧ | – | સીધીભરતી |
| ૩૪ | લાઈટઈન્સ્પેકટર | ૨ | ૦ | ૨ | ૦ | ૨ | – | ૨ | ૨ | – | સીધીભરતી |
| ૩૫ | સેનેટરીઈન્સ્પેકટર | ૨ | ૦ | ૨ | ૧ | ૧ | ૧ | – | – | ૧ | સીધીભરતી |
| ૩૬ | હોસ્પીટલ કંપાઉન્ડર | ૪ | ૧ | ૩ | ૨ | ૧ | – | ૧ | ૧ | – | સીધીભરતી |
| ૩૭ | મદદનીશશિક્ષક | ૯ | ૧ | ૮ | ૨ | ૬ | – | ૬ | – | ૬ | – |
| ૩૮ | ટ્રેસર | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | – | – | – | – | – |
| ૩૯ | રેકર્ડકલાર્ક | ૧ | ૦ | ૧ | ૦ | ૧ | ૧ | – | – | – | – |
| ૪૦ | રેકર્ડકીપર | ૧ | ૦ | ૧ | ૦ | ૧ | ૧ | – | – | – | – |
| ૪૧ | કેશીયર | ૧ | ૦ | ૧ | ૦ | ૧ | ૧ | – | – | – | – |
| ૪૨ | કલાર્ક | ૮૬ | ૨૩ | ૬૩ | ૪૭ | ૧૬ | ૫ | ૧૧ | ૧૧ | – | સીધીભરતી |
| ૪૩ | ટાઈપીસ્ટ | ૨ | ૦ | ૨ | ૨ | ૦ | – | – | – | – | – |
| ૪૪ | સેનેટરીસબ ઈન્સ્પેકટર | ૩ | ૦ | ૩ | ૨ | ૧ | – | ૧ | ૧ | – | સીધીભરતી |
| ૪૫ | જુનીયર ડ્રાયવર | ૧૭ | ૧ | ૧૬ | ૫ | ૧૧ | – | ૧૧ | ૧૧ | – | સીધીભરતી |
| ૪૬ | સુથાર | ૧ | ૦ | ૧ | ૦ | ૧ | – | ૧ | ૧ | – | સીધીભરતી |
| ૪૭ | કડીયો | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | – | – | – | – | – |

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૪૮ | મીસ્ત્રી સિવિલ | ૨ | ૦ | ૨ | ૧ | ૧ | – | ૧ | ૧ | – | સીધીભરતી |
| ૪૯ | ફીટર | ૨ | ૦ | ૨ | ૧ | ૧ | ૧ | – | – | – | – |
| ૫૦ | ઈલેકટ્રીક ઓપરેટર | ૧૦ | ૦ | ૧૦ | ૨ | ૮ | – | ૮ | ૮ | – | સીધીભરતી |
| ૫૧ | હોસ્પીટલનર્શ | ૮ | ૩ | ૫ | ૩ | ૨ | – | ૨ | ૨ | – | સીધીભરતી |
| ૫૨ | ડેન્ટલ ટેકનીશીયન | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | – | – | – | – | – |
| ૫૩ | એક્ષરે ટેકનીશીયન | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | – | – | – | – | – |
| ૫૪ | કંપાઉન્ડર (હોમીયોપેથી) | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | – | – | – | – | – |
| ૫૫ | ડ્રેસર | ૩ | ૧ | ૨ | ૧ | ૧ | – | ૧ | ૧ | – | સીધીભરતી |
| ૫૬ | ફીલ્ટર એટેન્ડન્ટ | ૩ | ૦ | ૩ | ૨ | ૧ | – | ૧ | ૧ | – | સીધીભરતી |
| ૫૭ | નાયક | ૧ | ૦ | ૧ | ૦ | ૧ | – | ૧ | ૧ | – | સીધીભરતી |
| ૫૮ | બાગમાળી | ૨ | ૦ | ૨ | ૦ | ૨ | – | ૨ | ૨ | – | સીધીભરતી |
| ૫૯ | મુકાદમ | ૬ | ૦ | ૬ | ૨ | ૪ | ૩ | ૧ | ૧ | – | સીધીભરતી |
| ૬૦ | કલીનર | ૨ | ૦ | ૨ | ૧ | ૧ | ૧ | – | – | – | – |
| ૬૧ | પટાવાળા | ૩૬ | ૨૦ | ૧૬ | ૧૧ | ૫ | ૫ | – | – | – | – |
| ૬૨ | પાણીવાળા | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | – | ૧ | ૧ | – | સીધીભરતી |
| ૬૩ | ચોકીદાર | ૯ | ૩ | ૬ | ૧ | ૫ | – | ૫ | ૫ | – | સીધીભરતી |
| ૬૪ | કલીનર | ૧૧ | ૦ | ૧૧ | ૫ | ૬ | ૬ | – | – | – | – |
| ૬૫ | ખલાસી | ૧૨ | ૦ | ૧૨ | ૬ | ૬ | – | ૬ | ૬ | – | સીધીભરતી |
| ૬૬ | બાગ સફાઈ કામદાર | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | – | – | – | – | – |
| ૬૭ | ઝાડુવાળા સફાઈકામદાર | ૭૯ | ૦ | ૭૯ | ૩૫ | ૪૪ | ૩૯ | ૫ | ૫ | – | સીધીભરતી |
| ૬૮ | હરીજન સફાઈકામદાર | ૭૮ | ૭ | ૭૧ | ૨૯ | ૪૨ | ૪૧ | ૧ | ૧ | – | સીધીભરતી |
| ૬૯ | વાલ્વમેન | ૬ | ૦ | ૬ | ૪ | ૨ | – | ૨ | ૨ | – | સીધીભરતી |
| ૭૦ | આયા | ૯ | ૪ | ૫ | ૨ | ૩ | – | ૩ | ૩ | – | સીધીભરતી |
| ૭૧ | વોર્ડબોય | ૮ | ૩ | ૫ | ૩ | ૨ | – | ૨ | ૨ | – | સીધીભરતી |
| ૭૨ | સ્વીપર | ૯ | ૫ | ૪ | ૨ | ૨ | – | ૨ | ૨ | – | સીધીભરતી |
| ૭૩ | ભીસ્તી | ૧ | ૦ | ૧ | ૦ | ૧ | – | ૧ | ૧ | – | સીધીભરતી |
| | કુલ.... | ૪૭૪ | ૮૪ | ૩૯૦ | ૧૯૦ | ૨૦૦ | ૧૦૫ | ૯૫ | ૮૭ | ૮ | ––– |

–મંજુર.

વધુમા બાકી રહેલ જગ્યાઓ સંબંધે મંજુરી મેળવવા માટે નિયમોને આધીન દરખાસ્ત કરવા માટે પણ સર્વાનુમતે ઠરાવવામા આવે છે.તેમજ વલસાડ નગરપાલિકા વિસ્તારમા નવા સમાવિષ્ટ કરવામા આવેલ વિસ્તારોમા નગરપાલિકા ધ્વારા બૈઝીક સેવાઓ આપવામા આવે છે.તેમજ નવા પ્લાન્ટો, અંડર ગ્રાઉન્ડ સંપ, ટાંકીઓ, વિગેરે તૈયાર થતા સદર કામગીરીને પહોચી વળવા મોગરાવાડીઅને અબ્રામા સબંધે
ઉપર જણાવેલ સેટઅપ નકકી કરી તે માટેના મહેકમની જગ્યાઓ ભરવા માટેની જરૂરી નિયમોનુસારની દરખાસ્ત મે.કલેકટરશ્રી,વલસાડની ભલામણ સહ, મે.નગરપાલિકા નિયામકશ્રીને સાદર રજુ કરવાનુ ઠરાવવામા આવે છે.

–સ.મ.મંજુર..

(સોનલબેન તેજશભાઈ સોલંકી (જૈન))
પ્રમુખ
વલસાડ નગરપાલિકા.

તા.: ૦૯ / ૦૩ / ૨૦૧૬